એકાદશ ગણધરનાં નામ ॥ પ્રઉઠીને કરૂ પ્રણામ ॥ ઈંદ્રભુતી પહેલો તે જાણ ॥ અગિનભુતી બીજો ગુણ ખાણ ॥ ૧ ॥ વાયુભુતી ત્રીજો જગસાર ॥ ગણધર ચોથો વ્યકતઉદાર ॥ સાસનપતી સુધર્મ સાર ॥ મંડીત નામ છઠો ધાર ॥ ૨ ॥ માર્યપુત્ર તે સાતમા જેહ ॥ અંકપીત અષ્ટમ ગુણગેહ ॥ મુનીવર માંહી જે પ્રધાન ॥ અચલભ્રાત નવમા એ નામ ॥ ૩ ॥ નામ થકી હોય કોડ કલ્યાણ ॥ દશમા મેતારજ અવીરલવાણ ॥ એકાદશમા પ્રભાસ કહેવાય ॥ સુખસંપતી જસ નામે થાય ॥ ૪ ॥ ગાયા વીર તણા ગણધાર ॥ ગુણમણી રયણ તણા ભંડાર ॥ ઉત્તમવીજય જીનો સીસ ॥ રત્નવીજય વંદે નીસદીશ ॥ ૫ ॥

॥ ઈતી ॥ ૫૩ ॥

૫૪ ॥ અથ શ્રીમંદરજીન ચૈતવંદન ॥

શ્રીશ્રીમંધર વીતરાગ ॥ ત્રીભુવન તુમ ઉપગારી ॥ શ્રીસ્રેયાંસ પીતા કુલે ॥ બહુ શોભા તુમારી ॥ ૧ ॥ ધન્ય ધન્ય માતા સતકી ॥ જેણે જન્મ્યો જયકારી ॥ વૃષભલંછને વીરાજમાન ॥ વંદે નર નારી ॥ ૨ ॥ ધનુષ પાંચસેં દેહડી એ ॥ સોહીએ સોવન વાન ॥ કીર્તિવીજય ઉવઝાયનો ॥ વિનય ધરે તુમ ધ્યાન ॥ ૩ ॥ ઈતી ॥ ૫૪ ॥

॥ અથ મંધરજીન. સ્તવન ॥

પુખ્ખલવઈ વીજયે જયોરે ॥ નયરી પુંડરીગીણી સાર ॥ શ્રી સીમંધર સાહેબારે ॥ રાય શ્રેયાંસ કુમાર જીણંદરાય ॥ ૧ ॥ ધરજ્યો ધરમ સ્નેહ ॥ એ આંકણી ॥ મોટા નાહા ના અંતરોરે ॥ ગીરૂઆ નવી દાખંત ॥ શશી દરીશણ સા યર વધેરે ॥ કૈરવ વન વિકસંત ॥ ૨ ॥ જી૦ ॥ ઠામ કુઠામ ન લેખવેરે ॥ જગ વરસંત જલધાર ॥ કર દોય કુસુમે વા સીઈંરે ॥ છાયા સવી આધાર ॥૩॥ જીગ॥ રાયને રાંક સ રીખા ગણેરે ॥ ઉદ્યોતે શશિ સુર ॥ ગંગા જળ તે બિહુ તણારે ॥ તાપ કરે સવી દુર ॥ ૪ જી૦॥ સરીખા સહુને તારવારે ॥ તીમ તુમેહો મહારાજ ॥ મુજશું અંતર કિમ કરોરે ॥ બાંહી ગ્રહ્યાની લાજ ॥ ૫ ॥ જી૦ ॥ મુહ દેખી ટીલું કરરે ॥ તે નવી હોય પરમાણ ॥ મુજરો માને સવી તણોરે ॥ સાહીબ તેહ સુજાણ ॥ ૬ ॥ જી૦ ॥ વૃષભ લં છન માતા સિત્યકીરે ॥ નંદન રૂકમણી કંત ॥ વાચક જસ ઈમ વિનવેરે ॥ ભય ભંજન ભગવંત ॥ ૭ ॥ જી૦ ઇતિ ૫૫ ॥

૫૬ ॥ અથ શ્રી મંધરજીન થોય ॥

શ્રી સીમંધર જિનવર સુખકર સાહેબ દેવ ॥ અરીહંત સકળની ભાવ ધરી કરૂં સેવ ॥ સકલાગમ પારગ ગણધર ભાખીત વાણી ॥ જયવંતી આણા જ્ઞાનવિમલ ગુણ ખા

ણી ॥ ૧ ॥ ઈતિ ૫૬ ॥

૫૭ ॥ અથ સિધાચલજીનું ચૈતવંદન ॥

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર ॥ દીઠે દુર્ગતીવારે ॥ ભાવ ધરી ને જે ચઢે ॥ તેને ભવ ભવ પાર ઉતારે ॥ ૧ ॥ અનંત સિદ્ધનો એ ઠામ ॥ સકલ તીરથનો રાય ॥ પુરવ નવાણું રીખભદેવ ॥ જ્યાં ઠવિઆ પ્રભુ પાય ॥ ૨ ॥ સુરજ કુંડ સોહામણો ॥ કવોડ જક્ષભીરામ ॥ નાભીરાયા કુલમંડણો ॥ જીનવર કરૂ પ્રણામ ॥ ઈતિ ૫૭ ॥

૫૮ ॥ અથ સિધાચલજીનું સ્તવન ॥

વીમલાચલ નીતુ વંદીએ ॥ કીજે એહની સેવા॥ માનું હાથ એ ધર્મનો ॥ શિવ તરૂ ફલ લેવા ॥ વિ૦ ॥ ૧ ॥ ઉજ્જ્વલ જીનગૃહ મડળી ॥ તિહાં દીપે ઉત્તંગ ॥ માનું હિમગિરી વિભ્રમ ॥ આઈ અંબર ગંગા ॥ વિ૦ ॥ ૨ ॥ કોઈ અનેરૂ જગ નહિ ॥ એ તિરથ તોલે ॥ ઈમ શ્રી મુખ હરી આગલે ॥ શ્રી સીમંધર બોલે ॥ વિ૦ ॥ ૩ ॥ જે સઘળાં તિરથ કર્યા ॥ જાત્રા ફળ કહીએ ॥ તેહથી એ ગિરી ભેટતાં ॥ શતગણું ફલ લહીએ ॥ વિ૦ ॥ ૪ ॥ જનમ સફળ હોય તેહનો ॥ જે એ ગિરી વંદે ॥ સુજસ વિજય સંપદ લહે ॥ તે નર ચિર નંદે ॥ વિ૦ ॥ ૫ ॥ ઈતિ ॥ ૫૮ ॥

૫૯ ॥ અથ સિધાચલજીની થોય ॥

પુંડરગિરિ મહીમા ॥ આગમમાં પરસિદ્ધ ॥ વિમલાચલ

ભેટી ॥ લહીએ અવીચળ રીદ્ધ ॥ પાંચમી ગતિ પોહોતા ॥ મુનિવર કેડાકોડ ॥ ઈણિ તીરથે આવી ॥ કરમ વિપાતક છોડ ॥ ૧ ॥ ॥ ઈતી ॥ ૫૯ ॥

૬૦ ॥ અથ સામાચક લેવાની વીધી ॥

પ્રથમ ઊંચે આસને પુસ્તક મનુષ્ય મુકીને શ્રાવક શ્રાવિકા કટાસણુ મુહપતિ ચવલો લેઈ સુદ્ધ વસ્ત્ર જગ્યા પુંજી કટાસણા ઉપર બેસી મુહપતી ડાબા હાથમાં મુખ પાસે રાખી જમણો હાથ થાપનાજી સનમુખ રાખી ॥ ૧ ॥ નવકાર ગણિ પંચદિઅ કહી ઈછામિ ખમાસમણ દેઈ ઈરિયાવઈયા તસ્સ ઉતરી અનાથ ઉસસીએણં કહી ॥ ૧ ॥ લોગસ્સનો અથવા ૪ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ દેઈ ઈછાકારેણ સંદીસાહ ભગવન સામાયક મુહપતિ પડિલેહું ઈછં ઈમ કહી ॥ મુહપતિ અંગની પડિલેહણના ૫૦ બોલ કહી મુહપતિ પડિલેહીઈ ॥ ખમાસમણ દે૦ ઈછાકારેણ સંદીસહ ભગવન સામાયક સંદિસાહુ ઈછં ખમાસમણ દેઈ૦ ઈછા૦ સામાયક ઠાઉ એમ કહી બે હાથ જોડી ૧ નવકાર ગણી૦ ઈછાકારી ભગવન પસાય કરી સામાયક ડંડક ઉચ્ચરાવોજી ॥ વડીલ કરેમીભંતે કહે પછે ખમાસમણ દેઈ ઈછા૦ બેસણે સંદીસાહું ખમાસમણ દેઈ ઈછા૦ બેસણે ઠાઉં૦ ખમાસમણ દેઈ ઈછા૦ સઝાય સંદીસાહુ૦ ખમાસમણ દેઈ૦ ઈછા૦ સઝાય

કરૂ ॥ ઈમ કહી ૩ નવકાર ગણુવા પછે બે ઘડી સજ્ઝાય ધર્મ ધ્યાન કરવું ॥ ॥ ઈતિ સામાયક લેવાની વીધી સમાપ્ત ॥

૬૧ ॥ અથ સામાચક પારવાની વિધી ॥

ખમાસમણ દેઈ ॥ં ઈરિયાવહી પડિક્કમામી જાવત લોગસ્સ સુધી કહી ખમા૦ ॥ ઈછા૦ મોહપતી પડીલેહું કહી ॥ મુહપતિ પડિલેહી ॥ ખમાસમણ દેઈ ॥ ઈછા૦ ॥ સામાયક પારૂ ॥ યથા શકિત ॥ ખમા૦ ॥ ઈછા૦ ॥ શામાયક પારયું ॥ તહતી ॥ પછે જમણો હાથ ચવલા ઉપર અથવા કટાસણા ઉપર થાપી ૧ નવકાર ગણી સામાઈય વયજુત્તો કહીઈ ॥ પછે ૧ નવકાર જમણો હાથ થાપના સામો સવલો રાખી ગણીઈ ॥ ઈતિ ॥ ૬૧ ॥

૬૨ ॥ પડિલેહણુ કરવાની વિધી ॥

પુરવ રીતે ઈરીયાવહી પડિક્કમિ જાવત લોગસ્સ કહી ઉભે પગે બેશી મુહપતિ કટાસણું ચવલો વસ્ત્ર કંદોરો આદિ પડિલેહવાં ॥ પછે કાજો કાહાડવો પછે કાજો કાહાડનાર થાપનાજી સામા ઉભો રહી ઈરીયાવહી પડિક્કમે ॥ પછે કાજો પઠવવા જગ્યા જોઈ અણુજાણહ જસ્સગ્ગ કહી કાજો પઠવે પછે વાર ૩ વોસરે કહે ॥ ઈતિ પડિલેહણ કરવાની વિધી ॥ ૬૨ ॥

૬૩ ॥ અથ દેવ વાંદવાની વિધિ.

પ્રથમ ઇરિયાવહી પડિક્કમવા જાવત ॥ લોગસ્સ કહી પછે ઉત્તરાસણ નાંખી ચઇતવંદન કહી જયવિઆરાય અ ડધા કહે ॥ વળી બીજ ચઇતવંદન કરે ॥ જાવત ચાર થો ચો કહી નમુથ્થુણં કહી બીજી વાર ચાર થોયો કહે પછે નમુથ્થુણં બે જાવંતી કહી સ્તવન કહી અડધા જયવીઆરા ય આભવમ ખંડા સુધી કહી ॥ પછે ચઇતવંદન કહી નમુથ્થુણં કહી આખા જયવીરાઅ કહેવા ॥ સવારે દેવ વાંદવા તેમાં મન્હજીંણાણં ની સઝાય કેહેવી બપોરે દેવ વાં દે તથા સાંજે દેવ વાંદે તેમાં સઝાય ન કહે ॥૫૦ ૬૩ ॥

૬૪ ॥ અથ દેવસી પ્રતિક્રમણની વિધિ ॥

૧ પ્રથમ સમાયક લીજે ॥

૨ પછે પાણી વાવરયું હોય તો મુહપતિ પડિ લેહેવી ॥

૩ આહાર વાવરયો હોય તો વાંદણા બે દેવા બીજા વાં દણામાં આવસીઆએ ન કેહેવુ.

૪ યથા શક્તિ પચ્ચખ્ખાણ કરવુ ॥

૫ ખમાસમણ દેઈ ઇછ્છાકારેણ ॥ વડેરા અથવા પો તે ચઇત્યવંદન કહીનેં ॥

૬ નમુથ્થુણં કહી ઉભા થઈને અરિહંત ચઈઆણં કહી ને ૧ નવકારનો કાઉસ્સગ્ગ કરી નમોરહત કહીને પ્રથમ થોય કહેવી પછે ॥

૭ લોગસ્સ કહેવો સવ્વલોએ અરિહંત ચેઈઆણં કહી
ને ૧ નવકારનો કાઉસ્સગ્ગ પારીને ॥ બીજી થોય
કહેવી ॥ પછે ॥

૮ પુખ્ખરવરદી કહી સુઅસ્સ ભગવો કરેમી કાઉસ્સગ્ગં
॥ વંદણ ॥ ૧ નવકારનો કાઉસ્સગ્ગ પારી ત્રીજી
થોય કહેવી ॥ પછે ॥

૯ સિદ્ધાણં બુદ્ધાણં કહી ॥ વેયાવચ્ચ ગરાણં કરેમી કા
ઉસ્સગ્ગં અનથ્થ૦ ॥ પછે ૧ નવકારનો કાઉસ્સગ્ગ
પારી ॥ નમોરહંત૦ ॥ કહી ચોથી થોય કહેવી ॥

૧૦ પછે બેસીને નમુથ્થુણં કહેવુ ॥ પછે ॥

૧૧ ચાર ખમાસમણ દેવા પુર્વક ભગવાન[1] ॥ આચાર્ય[2]
॥ ઉપાધ્યાય[3] ॥ સરવસાધુ[4] ॥ પ્રતથ્યોભવંદન ક
રાઈ ॥ પછે ॥

૧૨ ઈછછા કારેણ૦ ॥ દેવસિ પ્રતિક્રમણે ઠાઉં ઈમ કહી
જમણો હાથ ચવલા કટાસણા ઉપર થાપીને ઈછ
સ૦વસવી દેવસીઅ૦ ॥ કહેવુ પછે ॥

૧૩ ઉભા થઈ કરેમિભંતે ॥ ઈછામિ ઠામી કાઉસ્સ
ગ્ગં ॥ જોમેદેવસિઉ ॥ તસ્સઉત્તરી૦ કહી ॥

૧૪ આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કરવો ॥ ૮ ગાથા ન આ
વડે તો ૮ નવકારનો કાઉસ્સગ્ગ કરવો તે પારીને

૧૫ લોગસ્સ કહેવો ॥ બેસીને ત્રીજા આવશ્યકની મુહ
પતી પડીલેહીને ॥ વાંદણાં ॥ બે દેવાં ॥

૧૬ પછે ઉભા થઈને ઈછછા કા૦ ॥ દેવસિઅં આલો ઊં ॥ ઈછછં અલોએમી ॥ જોમ દેવસિઉ કહીને ॥

૧૭ સાત લાખ કહેવા પછે અઢાર પાપસ્થાનક આલો ઈને ॥

૧૮ સવ્વસ્સવિ દેવસિઅ' કહી ॥

૧૯ બેસીને એક નવકાર ॥ કરેમિભંતિ ॥ ઈછામી પડ ક્કમિઊં ॥ કહીને ॥

૨૦ વંદીતુ કહીને વાંદણા બે દેવાં ॥ પછે ॥

૨૧ અભ્ભુઠ્ઠિઓહં અભિંતર દેવસિઅં ખામીને ॥ વા દણાં બે દેવાં ઉભા થઈ ॥

૨૨ આયરીય ઉવઝઝાએ કહીને કરેમિભંતે ઈછામિ કા ઉસ્સગ્ગં જોમે દેવસિઊં કહી ॥ તસ્સઉત્તરી કહી ॥

૨૩ બે લોગસનો વા આઠ નવકારનો કાઉસગ્ગ પારીને ॥

૨૪ લોગસ્સ કહેવો સવ્વલોએ અરિહંત ચેઈઆણં ॥ એક લોગસ્સ વા ૪ નવકારનો કાઉસગ્ગ પારીને ॥

૨૫ પુખ્ખરવરદી૦ ॥ સુઅસ્સ ભગવઉ કરેમિ વંદણા ॥ એક લોગસ્સ વા ૪ નવકારનો કાઉસગ્ગ પારીને ॥

૨૬ સિદ્ધાણં બુદ્ધાણં કહી સુઅદેવયાએ કરેમી કાઉસગ્ગ ॥ એક નવકારનો કાઉસગ્ગ પારી ॥ નમોર્હત ॥ સુઅ દેવયાની થોય ॥ સ્ત્રીને કમલદલની થોય કેહેવી ॥

૨૭ ખેત્રદેવયાએ કરેમી કાઉસગ્ગ ॥ એક નવકારનો કા ઉસગ્ગપારી ॥ નમોર્હત૦॥ ક્ષેત્રદેવયાની થોય સ્ત્રીને

તથા પુરૂષને કહેવી ॥

૨૮ પછે પ્રગટ એક નવકાર ગણો બેસીને ॥

૨૯ છઠા આવશ્યકની મુહપત્તી પડિલેહી બે વાંદણાં દીજે ॥ પછે ॥

૩૦ સમાયક[૧] ॥ ચવીસથ્થો[૨] વંદણ[૩] ॥ પડિક્કમણું[૪] ॥ કાઉસગ[૫] ॥ પચ્ચખ્ખાણ કર્યું છેજી[૬] ॥ એ છ આવશ્યક સંભાવવા ॥ પછે ॥

૩૧ ઇચ્છામો અણુસઠીં કહિ નમો ખમાસમણાણં કહી નમોર્હત્૦ ॥ પુરૂષ નમોસ્તુ વર્દ્ધમાનાય કહે ॥ સ્ત્રી સંસારદાવાની ૩ થોયો કહે ॥

૩૨ નમુથ્થુણં કહી ॥ સ્તવન કહેવું ॥

૩૩ વરકનક કહી ભગવાન આદે વાંદવા ॥

૩૪ પછે જમણો હાથ ઉપધી ઉપર થાપી અઢાઈજ્જેસુ કહેવું ॥

૩૫ પછે દેવસિઅ પાયછિતનો કાઉ૦ ॥ ૪ લોગસ્સનો વા ૧૬ નવકારનો કરવો ॥

૩૬ પારી પ્રગટ લોગસ્સ કહી બેસીને ॥

૩૭ ખમાસમણ બે દેઈ સઝાયનો આદેશ માગો એક નવકાર ગણી સઝાય કહીઈં પછે ॥ એક નવકાર ગણીઈં ॥

૩૮ પછે દુખ્ખખ્ખઓ કમ્મખ્ખઓનો કાઉસગ ૪ લોગસ્સનો સંપુર્ણ કરવો એક વડેરે ॥ અથવા પોતે

પારીને નમાર્હંત કહી લઘુશાંતિ કહેવી ॥
૩૯ પછે પ્રગટ લોગસ્સ કહેવો ॥ પછે ॥
૪૦ ઈરીયાવહી જાવત લોગસ્સ કહેવો ॥
૪૧ પછે ચઉકસાય ॥ નમુથ્થુણં કહી જાવંતિ બે કહી ઉવસગ્ગહં ॥ જયવીરાય કહી મુહપતી પડીલેહવી ॥ ઈછાામિ૦ ॥ ઈછાકા૦ ॥ સામાયક પારૂં યથાશક્તિ ॥ ઈછામિ૦ ॥ ઈછાકા૦ ॥ સામાયક પારયું ॥ તહતિ ॥ કહી ॥ પછે ॥
૪૨ જમણો હાથ ઉપધી ઉપર થાપી ૧ નવકાર ગણીને સામાઈઅવયજુત્તો કહેવો ॥
૪૩ પછે થાપેલા થાપના હોય તો એક નવકાર ગણી ઉઠે ॥ ઈતિ ૬૪ ॥ ઈતિ દેવસિ પ્રતિક્રમણ વિધી બાકી અંતર વિધી વડેરાથી સમજવો ॥

૬૫ ॥ અથ રાઇપ્રતિક્રમણ વિધિ ॥

૧ પ્રથમ પુર્વ રીતે સામાયક લીજે ॥
૨ પછે કુસુમિણ દુસુમિણનો કાઉસગ્ગ ૪ લોગસ્સનો વા ૧૬ નવકારનો કરી પારી પ્રગટ લોગસ્સ કહેવો ॥
૩ પછે ખમાસમણ દેઈ જગચિંતામણીનું ચૈત્યવંદન જયવીરાય સુધી કહેવું ॥
૪ પછે ચાર ખમાસમણ દેઈ ભગવાન આચાર્ય ઉપાધ્યાય સરવ સાધુ પ્રત્યે વાંદવા ॥

૫ ખમાસમણુ બે દેઈ સઝાયનો આદેશ માગી ૧ નવકાર ગણીને ॥ ભરહેસરની સઝાય કહીને નવકાર એક ગણવો ॥ પછે ॥

૬ ઇચ્છાકાર સુહરાઈનો પાઠ કહેવો ॥ ઈચ્છાકા૦રાઈ પ્રતિક્રમણ ઠાઉ કહીને જમણો હાથ ઉપધી ઉપર થાપીને ॥

૭ ઈચ્છ૦ સવ્વસવી રાઈય દુચ્ચિતિય૦ ॥ કહી ॥

૮ નમુથ્થુણં ॥ કરેમિભંતે કહી ॥ ઈચ્છામિ ઠામી કા૦ ઉસગ્ગ૦ ॥ તસ્સઉત્તરી કહી ॥ ૧ લોગસ્સનો વા ૪ નવકારનો કાઉસગ્ગ પારી ॥

૯ લોગસ્સ સવ્વલોએ અરિહંત૦॥ એક લોગસ્સ ૦ ૪ નવ૦ ॥ કાઉસગ્ગ ॥

૧૦ પુખ્ખરવરદી૦॥ સુઅસ્સભ૦ ॥ વંદણ૦ ॥ કહી આઠ ગાથાનો અથવા આઠ નવકારનો કાઉસગ્ગ ॥

૧૧ સિદ્ધાણં બુદ્ધાણં કહીને ત્રીજા આવશ્યકની મુહપત્તી પડિલેહી વાંદણાં બે દેવાં તીહાંથી તે અબ્ભુઠ્ઠિઉ ખામિ વાંદણાં બે દીજે તીહાં સુધી દેવસીની રીતે ॥ પણ જે ઠેકાણે દેવસિ આવેછે તે ઠામે રાઈયં કહેવું॥

૧૨ આયરિઅ ઉવજ્ઝાએ કરેમિભંતે ॥ ઈચ્છામી ઠામિ કાઉસગ્ગં ॥ તસ્સ ઉત્તરી ॥ તપચિંતામણી અથવા ॥ ૪ લોગસ્સનો અથવા ॥ ૧૬ નવકારનો કાઉસગ્ગ કરવો ॥

૧૩ પ્રગટ લોગસ્સ કહી છઠ્ઠા આવશ્યકની મુહપતિ પડિ લેહીને વાંદણાં બે દેવાં ॥ તે પછે ॥

૧૪ તીર્થ વંદન કરવું ॥ પછે ॥

૧૫ યથા શક્તિએ પચ્ચખ્ખાણ કરવું ॥

૧૬ ઈચ્છાકારેણ સંદિસહ ભગવાન ॥ સમાયક[૧] ચઉવીસ ત્થો[૨] ॥ વંદણ[૩] ॥ પડિક્કમણું[૪] ॥ કાઉસ્સગ્ગ[૫] ॥ પચ્ચખ્ખાણ કરયુંછેજી[૬] ॥ પચ્ચખ્ખાણ કર્યું હોય તો કર્યું કહેવું ॥ ન કર્યું હોય તો ધાર્યુંછેજી ઈમ કહેવું ॥ પછે ઈચ્છામો અણુસટ્ઠી નમો ખ માસમણાણં નમોર્હત્ ॥

૧૭ પછે વિશાલ લોચન કહીને નમુત્થુણં કહી અરિહં તચેઈયાણં૦ ॥ ૧ નવકારનો કાઉસગ્ગ પારીને નમો ર્હત૦ ॥ કલાણકંદની થોય પ્રથમ કહેવી ॥

૧૮ લોગસ્સ ,પુખ્ખરવરદિ સિદ્ધાણં બુદ્ધાણં કહી અનુક્ર મે ૪ થોયો કહીઈ છે તિહાં સુધી કહેવું પછે ॥

૧૯ નમુત્થુણં કહી ॥ ભગવન આદિ ॥ ચ્યાર ખમાસ મણે વાદવા ॥

૨૦ પછે જમણો હાથ ઉપધી ઉપર થાપી અઢાઈજ્જેસુ કહેવું ॥ પછે ॥

૨૧ શ્રી મંધરસ્વામીનું ચૈતવંદન સ્તવન જયવિરાય કાઉ સ્સગ્ગ થોય પર્યંત કરવું ॥

૨૨ પછે ખમાસમણ પુર્વક શ્રી સીદ્ધાચલનું ચૈતવંદન ॥

તવન જયવીરાય કાઉસ્સગ્ગ થોય સુધી કરવું ॥

૨૩ પછે સામાયક પારવાની વિધીની રીતે સામાયક પારવા સુદ્ધિ કરવું ॥ ઈતિ રાઈ પ્રતિક્રમણની વિધિ ॥૧૫॥

૬૬ ॥ અથ પચ્ચખ્ખાણ પારવાની વિધિ ॥

૧ પ્રથમ ઈરિયા વહિયાઈ પડિક્કમીઈં જાવત જગચિંતાણિ નું ચઈતવંદન જયવિયરાય સુધી કરવું ॥

૨ પછે મન્હજિણાણંની સઝાય કહી મુહપત્તિ પડિલેહે વી ઈછામિ૦ ॥ ઈછા૦ ॥ પચ્ચખ્ખાણ પારૂં ॥ યથા શકિત ॥ ઈછામિ૦ ઈછા૦ ॥ પચ્ચખ્ખાણ પારયું ॥ તહત્તિ ॥ ઈમ કહી જમણો હાથ કટાસણાં ચવલા ઉપર થાપી ૧ નવકાર ગણી પચ્ચખ્ખાણ કરયું હોય તે કહી પારવું ॥

૩ ઉગ્ગએસુરે નમુક્કારસહીઅં ॥ પોરસિસાઢ પોરસહિઅં ॥ વેઢસહિઅં ॥ મુઠ્ઠસહિઅં ॥ પચ્ચખ્ખાણ કર્યું ચૌવીહાર ॥ આંબિલ નીવી એકાસણું ॥ બેઆસણું ॥ કરયું ॥ તિવિહાર પચ્ચખ્ખાણ ॥ ફાસિઅં[૧] ॥ પાલિઅં[૨] સોહિઅં[૩] ॥ તીરિઅં[૪] ॥ કિટ્ટિઅ ॥ આરાહિઅં[૬] ॥ જંચ નઆરાહિઅં ॥ તસ્સમિ છામી દુક્કડં ॥ ઈતિ ॥ ૧૧ ॥

॥ अथ प्रभातनां पच्चखाण ॥

૬૭ ॥ અથ નમુક્કારસહિ મુઠસહિનુ ॥

ઉગ્ગએ સુરે નમુક્કારસહિઅં મુઠસહિઅં પચ્ચખ્ખાઇ ॥ ચઉવિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નથણા ભોગેણં[१] ॥ સહસ્સાગારેણં[२] મહત્તરાગારેણં[३] ॥ સવ્વસમાહિવત્તિયા ગારેણં[४] ॥ વોસીરે ॥ ઇતિ ॥ ૬૭ ॥

૬૮ ॥ અથ પોરિસિં સાઢપોરિસિંનું ॥

ઉગ્ગએ સુરે નમુક્કારસહિઅ પોરિસિં સાઢપોરિસિં મુઠસહિઅં પચ્ચખ્ખાઇ ઉગ્ગએ સુરે ચઉવિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણા ભોગેણં[१] ॥ સહસ્સાગારેણં[२] ॥ પછન્નકાલેણં[३] દિસામોહેણં[४] ॥ સહુવયણેણં[५] ॥ મહત્તરાગારેણં ॥ સવ્વસમાહિવત્તિયાગારેણં[७] ॥ વોશિરે ॥ ઇતિ ॥ ૬૮ ॥

—

॥ अथ सांझनां पच्चखाण ॥

૬૯ ॥ અથ ચોવિહારનું ॥

દિવસ ચરિમં પચ્ચખ્ખાઇ ચઉવિહંપિ આહારં અસણં

પાણં ખાઈમં સાઈમં અન્નત્થણા ભોગેણં સહસાગારેણં મ હત્તરાગારેણં સવ્વસ માહિવત્તિયા ગારેણં - ॥ વોસિરે ॥ ઇતિ ૬૯॥

૭૦ ॥ અથ તિવીહારનું ॥

દિવસ ચરિમં પચ્ચખ્ખાઈ ॥ તિવીહંપિ આહર ॥ અસણં ખાઈમં સાઈમં અન્નત્થણા ભોગેણં સહસાગારેણં મહ ત્તરાગારેણં સવ્વસમાહિવત્તયા ગારેણં ॥ વોસિરે ॥ઇતિ૭૦॥

૭૧ ॥ અથ દુવિહારનું ॥

દિવસ ચરિમં પચ્ચખ્ખાઈ દુવિહંપિ આહારં અસણં ખાઈમં અન્નત્થણા ભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વ સમાહિવત્તિયાગારેણં વોસિરે ॥ ઇતિ ॥ ૭૧ ॥

૭૨ ॥ અથ ક્રોધની સઝાય ॥

કડુવાં ફળ છે ક્રોધનાં ॥ ગ્યાની ઇંમ બોલે ॥ રીસ તણો રસ જાણીએ ॥ હલાહલ તોલે ક૦ ॥ ૧ ॥ ક્રોધે ક્રોડ પુરવ તણું ॥ સંજમ ફળ જાય ॥ ક્રોધ સહિત તપ જે ક રે ॥ તે તો લેખે ન થાય ॥ ક૦ ॥ ૨ ॥ સાધુ ઘણો તપી યો હુતો ॥ ધરતો મન વૈરાગ ॥ શીશ્યના ક્રોધ થકી થ યો ॥ ચંડકોશીયો નાગ ॥ ક૦ ॥ ૩ ॥ આગ ઉઠે જે ઘર થકી ॥ તે પેહેલું ઘર બાલે ॥ જલનો જોગ જો નવી મિલે ॥ તો પાસેનું પરજાલે ॥ ક૦ ॥ ૪ ॥ ક્રોધ તણી ગત એહ

વો ॥ કહે કેવળનાણી ॥ હાણ્ય કરે જે હેતની ॥ ભાવ
એ ઈમ જાણી ॥ ક૦ ॥ ૫ ॥ ઉદયરતન કહે ક્રોધને ॥
કાઢજ્યો ગળે સાહી ॥ કાય કરજ્યો નિરમલી ॥ ઉપસમ
રસ નાહી ॥ કડુવાં૦ ॥ ૬ ॥ ઈતિ ॥ ૭૨ ॥
ઈતિ દેવસિ રાઈ પ્રતિક્રમણાદિક સુત્રાં વિધિ સંપુર્ણ ॥

॥ અથ પુન્યપ્રકાશનુ સ્તવન ॥

॥ દુહા ॥ સકલ સિદ્ધિ દાયક સદા ॥ ચોવિસ્સં જીન
રાય ॥ સહગુરૂ સામીની સરસતી ॥ પ્રેમે પરણમુ પાય
॥ ૧ ॥ ત્રિભુવન પતિ ત્રીસના તણો ॥ નંદન ગુણ ગં
ભીર ॥ શાશન નાયક જગજ્યો ॥ વર્ધમાન વડવીર ॥૨॥
એક દિન વીર જીણંદને ॥ ચરણે કરી પરિણામ ॥ ભવિ
ક જીવના હિત ભણી ॥ પુછે ગોતમ સ્વામ ॥ ૩ ॥ મુ
ક્તી મારગ આરાધીએ ॥ કહો કિણ પરિ અરિહંત ॥ સુ
ધા સરસ તવ વચન રસ ॥ ભાખે શ્રી ભગવંત ॥૪॥ અ
તિચાર આલોઈએ[૧]॥ વ્રત ધરીએ ગુરૂ શાખ[૨] ॥ જીવ ખ
માવો સયલ જે ॥ યોનિ ચોરાશી લાખ[૩] ॥ ૫ ॥ વિધી
શું વળી વોસરાવિએ ॥ પાપ સ્થાન અઢાર[૪] ॥ ચ્યાર સર
ણ નિત અનુસરો[૫] ॥ નિંદો દુરિતં આચાર[૬] ॥૬॥ શુભ કર
ણી અનુમોદીએ[૭] ॥ ભાવ ભલો મન આણિ[૮]॥ અણસ

ણું અવસર આદરીઙ ॥ નવપદ જપો સુજાણ૧૦ ॥ ૭ ॥
શુભ ગતી આરાધન તણા ॥ એ છે દશ અધિકાર ॥ ચી
ત આણીને આદરો ॥ જીમ પામો ભવ પાર ॥ ૮ ॥
॥ ઢાળ ॥ એ છેડિ કિહાં રાખી ॥ એ દેશી ॥ ગ્નાન૧
દરિશણ૨ ચારિત્ર૩ તપ૪ વિરજ૫ ॥ એ પાંચે આચાર ॥
એહ તણા ઇહ ભવ પરભવનાં ॥ આલોઇએ અતીચારરે
॥ પ્રાણી ગ્નાન ભણો ગુણ ખાણી ॥ વીર વદે એમ વા
ણીરે ॥ પ્રા૦ ॥ ગ્ના૦ ॥ ૧ ॥ ગુરૂ ઓલવીએ નહી ગુરૂ
વિનયે ॥ કાળે ધરી બહુ માન ॥ સુત્ર અરથ તદુ ભય
કરી સુધાં ॥ ભણીએ વહીએ ઉપધાનરે ॥પ્રા૦ ૨ ॥ ગ્નાનો
પગરણ પાટી પોથી ॥ઠવણી નોકારવાળી ॥ તેહ તણા કી
ધી આશાતના ॥ ગ્નાનભગતી ન સંભાળીરે ॥ પ્રા૦ ૩ ॥
॥ ઇત્યાદિક વિપરીતપણાથી ॥ ગ્નાન વિરાધ્યું જેહ ॥ આ
ભવ પરભવ વળિય ભવો ભવ ॥ મિછછા દુક્કડ તેહરે ॥
પ્રા૦ ॥૪॥ સમકિત લ્યો સુદ્ધ જાણી ॥ જીન વચને શંકા
નવિ કીજે ॥ નવિ પર મત અભિલાખ ॥ સાધુ તણી નિં
દા પરિહરજો ॥ ફલ સંદેહ મ રાખિરે ॥ પ્રા૦ ૫ મુંઢપણું
છંડો પરસંસા ॥ ગુણવંતને આદરિએ ॥ સાહમિને ધર્મે કરી
થીરતા ॥ ભગતી પ્રભાવના કરીએરે ॥ પ્રા૦ સ૦ ॥ ૬ ॥
સંઘ ચૈત્ય પ્રાસાદ તણે જે ॥ અવણવાદ ગન લેખ્યો ॥
દ્રવ્ય દેવકો જે વિણસાડ્યો ॥ વિણસંતો ઉવેખ્યોરે ॥ પ્રા૦
સ૦ ૭ ॥ ઇત્યાદિક વિપરિતપણાથી ॥ સમકિત ખંડ્યું

જેહ ॥ આભવ૦ ॥ પ્રા૦ ॥ ચારિત્ર લ્યો ચિત આણી૦ ॥ ૮ ॥ પાંચ સુમતિ ત્રિણ ગુપતિ વીરાધિ ॥ આઠે પ્રવચન માય ॥ સાધુ તણે ધરમે પ્રમાદે ॥ અસુધ વચન મન કાયે ॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૯ ॥ શ્રાવકને ધર્મે સામાયક ॥ પોસહમાં મન વાલી ॥ જે જયણા પુર્વક જે આઠે ॥ પ્રવચનમાયન પાલીરે ॥ પ્રા૦ ચા૦ ॥ ૧૦ ॥ ઈત્યાદિક વિપરીતપણાથી ॥ ચારિત્ર ડોહલ્યું જેહ ॥ આ ભવ૦ ॥ મિછ્છા૦ ॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૧૧ ॥ બારે ભેદે તપ નવી કીધા ॥ છો ચોગ નિજ શકતે ॥ ધર્મે મન વચ કાયા વિરજ ॥ નવિ ફોરવિઊં ભગતેરે ॥ પ્રા૦ ચા૦ ॥ ૧૨ ॥ તપ વીરજ આચાર ઈણિ પરે ॥ વિવિધ વિરાધ્યા જેહ ॥ આ ભવ૦ ॥ મિછ્છા૦ ॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૧૩ ॥ વલિય વિશેશે ચારિત્ર કેરા ॥ અતિચાર આલોઈયે ॥ વીર જીણેસર વયણ સુણીને ॥ પાપ મયલ સવિ ધોઈયેરે ॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૧૪ ॥

॥ ઢાળ ॥ ૨ જી ॥ પ્રથવી[૧] પાણી[૨] તેઉ[૩] ॥ વાઉ[૪] વનસ્પતિ[૫] ॥ એ પાંચે થાવર કહ્યાં એ ॥ કરી કરસણ આરંભ ॥ ખેત્ર જે ખેડીયાં ॥ કુવા તળાવ ખાણાવીઆંએ ॥ ૧ ॥ ઘર આરંભ અનેક ॥ ટાંકાં ભુંઈરાં ॥ મેડી માલ ચણાવીઆંએ ॥ લીંપણ ગુંપણ કાજ ॥ ઈણિપરી પરપરી ॥ પ્રથવીકાય વિરાધીયાંએ ॥ ૨ ॥ ધોયણ નાહણ પાણિ ॥ ઝીલણ અપકાય ॥ છોતિ ધોતિ કરી દુહવ્યાંએ ॥ ભાઠીગર કુંભાર ॥ લોહ સોવનગરા ॥ ભા-

ડમુંભ લિહાળાગરાએ ॥ ૩ ॥ તાપણ સેકણ કાજ ॥ વલ નિપ્પારણ ॥ રંગણ રાંધણ રસવતીએ ॥ ઈણીપરી કર્માદાન ॥ પરીંપરી કેળવિ ॥ તેઉ વાઉ વિરાધીયાએ ॥ ૪ ॥ વાડી વન આરામ ॥ વાવી વનસ્પતિ ॥ પાન ફુલ ફળ ચુંટીયાંએ ॥ પોંક પાપડી શાક ॥ સેકયાં સુકવ્યાં ॥ છેદ્યાંછુંદ્યાં આથીયાંએ ॥ ૫ ॥ અલસીને એરંડ ॥ ઘાણી ઘાલીને ॥ ઘણા તિલાદિક પીલીયાએ ॥ ઘાલી કોલુ માં ડી ॥ પીલી સેલડી ॥ કંદમુળ ફળ વેચીયાંએ ॥ ૬ ॥ ઈમ એકેંદ્રિ જીવ ॥ હણ્યા હણાવીયા ॥ હણતાં જે અનુમોદીયાએ ॥ આ ભવ પરભવ જેહ ॥ વલિય૦ ॥ તે મુઝ૦ ॥ ૭ ॥ કરમ સરમીયા કીડા ॥ ગાડર ગંડોલા ॥ ઈઅલ પુરા અલસિઆંએ ॥ વાલા જલો ચુડેલ ॥ વિચલિત રસ તણા ॥ વળી અથાણાં પ્રમુખનાએ ॥ ઈમ બેદ્રી જીવ ॥ જે મેં દુહવ્યા ॥ તે મુઝ૦ ॥ ૮ ॥ ઉદેહી જુ લીખ ॥ માંકણ મંકોડા ॥ ચાંચણ કિડી કથુઆએ ॥ ૯ ॥ ગદ્દહીયાં ધીમેલી ॥ કાનખજુરડા ॥ ગીંગોડા ધનેરીઆંએ ॥ ઈમ તેંદ્રી જીવ ॥ જે મેં દુહવ્યા ॥ તે મુઝ૦ ૧૦ ॥ માંખી મત્સર ડાંસ ॥ મસા પતંગીયા ॥ કંશારી કોલિયાવડાએ ॥ ઢીંકણ વીંછુ તીડ ॥ ભમરા ભમરીઓ ॥ કોતાબગ ખડમાંકડીએ ॥ ઈમ ચૌરીંદ્રી જીવ ॥ જે મેં દુ૦ ॥ તે મુઝ૦ ॥ ૧૧ ॥ જળમાં નાખી જાલ ॥ જલચર દુહવ્યા ॥ વનમાં મૃગ સંતાપીયાએ ॥ ૧૨ ॥ પીડ્યાં પંખી જીવ ॥ પાડી

પાસમાં ॥ પોપટ ઘાલ્યા પાંજરેએ ॥ ઈમ પચેંદ્રી જીવ ॥ જે મેં દુ૦ ॥ તે મુઝ૦ ॥ ૧૪ ॥ ॥ ઢાલ ૩ ॥ વાણી વાણી હીત કરીજી ॥ એ દેશી ॥ ક્રોધ લોભ ભય હાસ થીજી ॥ બોલ્યા વચન અસત્ય ॥ કુડ કરી ધન પારકાંજી ॥ લીધાં જેહ અદત્તરે ॥ જીનજી ॥૧ ॥ મિછા દુક્કડ આજ ॥ તુમ્હ સાખે મહારાજરે ॥ જીનજી ॥ દેઈ સારૂ કાજરે ॥ જી૦ ॥ મિ૦ ॥ આંકણિ ॥ દેવ મનુજ તિર્યંચનાજી ॥ મૈથુન સેવ્યાં જેહ ॥ વિષયારસ લંપટપણેજી ઘણુ વિટંબ્યો દેહરે ॥ જી૦ ॥ ૨ ॥ મિ૦ ॥ પરિગ્રહની મમતા કરીજી ॥ ભવ ભવ મેલી આથ ॥ જેહ જીહાંની તે તિહાં રહીજી ॥ કોઈ ન આવે સાથરે ॥ જી૦ ॥ ૩ ॥ મિ૦ ॥ રયણી ભોજન જે કરયાંજી ॥ કિધાં ભખ્ય અભખ્ય ॥ રસના રસની લાલચેજી ॥ પા૫ કરયાં પરતક્ષરે ॥ જી૦ ॥ ૪ ॥ મિ૦ ॥ વ્રત લેઈ વિસારીયાંજી ॥ વળી ભાગ્યાં પચખ્ખાણ ॥ કપટ હેતુ કીરીયા કરીજી ॥ કિધાં આપ વખાણરે ॥ જી૦ ॥ ૫ ॥ મિ૦ ॥ ત્રિણ ઢાળ આઠે દુહેજી ॥ આલોચ્યો અતિચાર ॥ શિવગતિ આરાધન તણોજી ॥ એ પહિલો અધિકારરે ॥ જી૦ ॥ ૬ ॥ મિ૦ ॥ ॥ ઢાલ ॥ ૪ ॥ સાહેલડીની દેશી ॥ પંચમહાવ્રત આદરો ॥ સાહેલડીરે ॥ અથવા લ્યો વ્રત બારતો ॥ યથા શક્તિ વ્રત આદરી ॥ સા૦ ॥ પાલો નિરતી ચારતો ॥ વ્રત લ ધાં સંભારીએ ॥ સા૦ ॥ હિયડે ધરીય વિચારતો ॥ શિવગતી આરાધન તણો ॥ સા૦

એ બીજો અધિકારતો ॥ જીવ સવે ખમાવીએ ॥ સા૦ ॥ ચોની ચોરાશી લાખતો ॥ મન સુધે કરો ખામણાં ॥સા૦ કોઈ શું રોશ ન રાખતો ॥ સરવ મિત્ર કરી ચિંતવો ॥સા૦ કોઈ ન જાણો શત્રુતો ॥ રાગ દ્વેષ ઈમ પરિહરો ॥સા૦॥ કીજે જન્મ પવિત્રતો ॥ સાહ્મી સંઘ ખમાવીયે ॥ સા૦॥ જે ઉપની અપ્રીતીતો ॥ સજ્જન કુટુંબ કરી ખામણાં ॥ સા૦॥ એ જીન શાસન રીતતો ॥૨॥ ખમીએ અને ખમાવીએ ॥સા૦॥ એહજ ધર્મનું સારતો ॥ શિવગની આરાધન તણો ॥સા૦॥ એ ત્રીજો અધીકારતો ॥ મ્રષા વાદ[1] હીંસા[2] ચોરી[3] ॥સા૦॥ ધનમુર્છા[4] મહુનતો[5] ॥ ક્રોધ[6] માન[7] માયા[8] ત્રષ્ણા[9] ॥સા૦॥ પ્રેમ[10] દ્વેષ[11] પૈસુન્નતો ॥૩॥ નીંદા[13] કલહ ન કિજીયે[14] ॥સા૦॥ કુડાં ન દીજે[15] આલતો ॥ રતિઅરતિ[16] મિથ્યા[17] તજો ॥સા૦॥ માયા મોસ જંજાલતો ॥ ત્રિવિધ ત્રિવિધ વોસિરાવિઈં ॥ સા૦ ॥ પાપસ્થાન અઢારતો ॥ શિવગતો આરાધન તણો ॥ સા૦ ॥ એ ચોથો અધિકારતો ॥ ૪ ॥ ઢાલ ॥ ૫ મી ॥ ॥ હવેનીસુણો ઈહાં આવીયા ॥ એ દેશી ॥ જનમ જરા મરણે કરીએ ॥ એ સંસાર અસારતો ॥ કરયાં કર્મ સહુ અનુભવેએ ॥ કોઈ ન રાખણહારતો ॥ ૧ ॥ સરણ એક અરિહતનુંએ[1] ॥ સરણ સિદ્ધ[2] ભગવંતતો ॥ સરણ ધર્મ શ્રી જઈનનોએ[3] ॥ સાધુ[4] સરણ ગુણવંતતો ॥૨ ॥ અવર મોહ સવી પરીહરીએ ॥ ચાર સરણ ચિત્ત ધારતો ॥ શિવગતો

આરાધન તણોએ ॥ એ પાંચમો અધિકારતો ॥ ૩ ॥ આભ
વ પરભવ જે કરયાંએ ॥ પાપકર્મ કેઈ લાખ તો ॥ આ
ત્મ સાખે તે નિંદીએએ ॥ પડિક્કમીએ ગુરૂ સાખેતો ॥
૪ ॥ મિથ્યામતી વરતાવિઆએ ॥ જે ભાખ્યા ઉત્સુત્રતો ॥
કુમતિ કદાગ્રહને વસેએ ॥ વળી ઉથાપ્યા સુત્રતો ॥૫॥ ઘ
ડ્યાં ઘડાવ્યાં જે ઘણાંએ ॥ ઘંટી હળ હથીયારતો ॥ ભ
વભવ મેલી મુકીયાંએ ॥ કરતાં જીવ સંહારતો ॥ ૬ ॥ પા
પ કરીને પોસિઆએ ॥ જન્મ જન્મ પરિવારતો ॥ જન
માંતર પુહતા પછીએ ॥ કોઈ ન કીધી સારતો ॥૭॥ આ
ભવ પરભવ જે કરયાંએ ॥ એમ અધિકરણ અનેકતો ॥
ત્રીવિધે ત્રીવિધે વોસરાવિએએ ॥ આણી હૃદય વિવેકતો ॥
૮ ॥ દુઃકૃત નિંદા ઈમ કરીએ ॥ પાપ કરયાં પરિહારતો ॥
શિવગતિ આરાધન તણોએ ॥ એ છટ્ઠો અધિકારતો ॥ ૯ ॥
॥ ઢાલ ૬ ઠી ॥ આદીતુ જોઈને આપણો ॥ એ દેશી ॥
ધન ધન તે દીન માહરો ॥ જીહાં કીધો ધર્મ ॥ દાન શી
લ તપ આદરી ॥ ટાળ્યાં દુસ્કર્મ ॥ ધ૦ ૧ ॥ શેત્રુંજાદિક
તિર્થની ॥ જે કિધી યાત્ર ના જુગતે જીનવર પુજીયા ॥ વલી
પોખ્યા સુપાત્ર ॥ ધ૦ ૨ ॥ પુસ્તક જ્ઞાન લખાવીયા ॥ જીણ
હર જીણચૈત્ય ॥ સંઘ ચતુર્વિધ સાચવ્યા ॥ એ સાતે ખે
ત્ર ॥ ॥ ધ૦ ૩ ॥ પડિક્કમણાં સુપરે કરયાં ॥ અનુકંપા દાન
॥ સાધુ સુરિ ઉવઝાયને ॥ દીધાં બહુ માન ॥ ધ૦ ૪ ॥
ધર્મ કાજે અનુમોદિએ ॥ ઈમ વારોવાર ॥ શિવગતિ આ

રાધન તણો ॥ એ સાતમો અધિકાર ॥ ૫૦૫ ॥ ભાવ ભલો મન આણીએ ॥ ચિત્ત આણી ઠામ ॥ સમતા ભાવે ભાવીએ ॥ એ આતમ રામ ॥ ૫૦૬ ॥ સુખ દુખ કારણ જીવને ॥ કોઈ અવર ન હોય ॥ કર્મ આપ જે આચર્યાં ॥ ભોગવીએ સોય ॥ ૫૦૭ ॥ સમતા વિણ જે અનુસરે ॥ પ્રાણિ પુન્ય કામ ॥ છારી ઉપરી તે લીંપણું ॥ ઝાંખર ચિત્રામ ॥ ૫૦૮ ॥ ભાવ ભલી પરિ ભાવીએ ॥ એ ધર્મનું સાર ॥ શિવ ગતિ આરાધન તણો ॥ એ આઠમો અધિકાર ॥ ૫૦૯ ॥

॥ ઢાળ ૭ મી ॥ રૈવતગિરી ઉપરી ॥ એ દેશી ॥ હવે અવસર જાણી ॥ કરીય સંલેખણ સાર ॥ અણસણ આદરીએ ॥ પચખી ચ્યાર આહાર ॥ લલુતા સવિ મુકી ॥ છાંડી મમતા અંગ ॥ એ આતમ ખેલે ॥ સમતા જ્ઞાન તરંગ ॥ ૧ ॥ ગતિ ચારે કિધા ॥ આહાર અનંત નિસંક ॥ પણ ત્રપતિ ન પામ્યો ॥ જીવ લાલચીયો રંક ॥ દુલહો એ વલીવલી ॥ અણસણનો પરિણામ ॥ એહથી પામીજે ॥ શિવપદ સુરપદ ઠામ ॥ ૨ ॥ ધન ધના શાલીભદ્ર ॥ ખંધો મેઘકુમાર ॥ અણસણ આરાધી ॥ પામ્યા ભવનો પાર ॥ શિવ મંદીર જાશ્યે ॥ કરી એક અવતાર ॥ આરાધન કેરો ॥ એ નવમો અધિકાર ॥ ૩ ॥ દશમે અધિકારે ॥ મહામંત્ર નવકાર ॥ મનથી નવી મુકો ॥ શિવસુખ ફળ સહકાર ॥ એ જપતાં જાએ ॥ દુર્ગતી દોષ વિકાર ॥ સુપરેએ સમરો ॥ ચઉદ પુરવનું સાર ॥

૪ ॥ જનમાંતરે જાતાં ॥ જો પામે નવકાર ॥ તો પાતિક ગાલિ ॥ પામે સુર અવતાર ॥ એ નવ પદ સરીખો ॥ મંત્ર ન કોઈ સાર ॥ ઈહ ભવને પરભવે॥ સુખ સંપત્તિ દાતાર ॥ ૫ ॥ જુઓ ભીલ ભીલડી ॥ રાજા રાણી થા ય ॥ નવ પદ મહીમાંથી ॥ રાજસિંહ મહારાજ ॥ રાણી રતનવતી ॥ બેહુ પામ્યાં છે સુરભોગ ॥ એક ભવથી લહે સ્યે ॥ શિદ્ધવધુ સંયોગ॥ ૬ ॥ શ્રીમતિને એ વલી ॥ મંત્ર ફલ્યો તતકાળ ॥ ફણીધર ફીટીને ॥ પ્રગટ થઈ ફુલમાળ ॥ શિવકુમરે યોગી ॥ સોવન પુરસો કીધ ॥ ઇમ ઇણે મંત્રે ॥ કાજ ઘરનાં સીદ્ધ ॥ ૭ ॥ એ દશ અધિકારે ॥ વિરજીણેસર ભાખ્યો ॥ આરાધન કેરો ॥ વિધી જેણે ચિત્ત માં રાખ્યો ॥ તિણે પાપ પખાલી ॥ ભવ ભય દુર નાં ખ્યો ॥ જીન વિનય કરતાં ॥ સુમતી અમ્રત રસ ચાખ્યો ૮ ॥ ॥ ઢાળ ॥ ૮ મી નમો ભવી ભાવશું એ ॥ એ દેશી ॥ ॥ સિદ્ધારથરાય કુલ તિલોએ ॥ ત્રિસલા મા ત મલ્હારતો ॥ અવની તલે તુમે અવતરયાએ ॥ કરવા અમ્હ ઉપગાર ॥ ૧ ॥ જયો જીન વીરજીએ ॥ મેં અપ રાધ કરયા ઘણાએ ॥ કહેતાં નવ લહુ પારતો ॥ તુમ ચ રણે આવ્યા ભણીએ ॥ જો તારે તો તારય ॥ ૨ ॥ જ૦॥ આશ કરીને આવીયોએ ॥ તુમ ચરણે મહારાજતો ॥ આવ્યાને ઉવેખશ્યોએ ॥ તો કિમ રહેશ્યે લાજ ॥ ૩ ॥ જ૦ ॥ કરમ અલુજણ આકરાંએ ॥ જનમ મરણ જં

ભાલતો ॥ હું છું એહથી ઉભગોએ ॥ છોડવી દેવ દયા લ ॥ ૪ ॥ જ૦ ॥ આજ મનોરથ મુજ ફલ્યાએ ॥ નાઠા દુઃખ દંદોલતો॥ તુઠો જીન ચોવિસમોએ પ્રગટ્યાં ॥ પુન્ય કલોલ ॥ ૫ જ૦ ॥ ભવ ભવ વિનય તુમારડોએ ॥ ભાવ ભગતી તુહ્મ પાયતો ॥ દેવ દયા કરી દીજીએએ ॥ બોધ બીજ સુપસાય ॥ ૬ ॥ જ૦ ॥ ॥ કળશઃ ॥ ઈય તરણ તારણ સુગતી કારણ દુઃખ નીવારણ જગજયો ॥ શ્રી વીરજીનવર ચરણ થુણતાં અધિક મન ઉલટ થયો ॥ શ્રી વિજય દેવસુરીંદ પટોધર તીરથ જંગમ ઈણે જગે ॥ શ્રી તપગછપતિ શ્રી વિજયપ્રભસુરી સુરી તેજે ઝગમગે ॥ શ્રી હીરવીજયસુરી શીષ વાચક ॥ કિરત્તીવીજય સુર ગુરૂ સમા॥ તસ શીશ વાચક વિનયવિજયે થુણ્યો જીન ચોવીસમો ॥ સઈ સત્તર સંવત ઓગણત્રીસે રહી રાનેર ચોમાસએ ॥ વિજય દશમી વિજયકારણ કિઓ। ગુણ અભ્યાસએ ॥ નરભવ આરાધન સિદ્ધ સાધન ॥ સુક્ત લીલ વિલાસએ॥ નિર્જરા હેતે તવન રચીઓ। નામે પુન્યપ્રકાશએ ॥ ૫ ॥ ॥ ઈતિ શ્રી વિરજીન આરાધના પુન્ય પ્રકાશ સ્તવન સંપુર્ણ ॥

અથ શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન

॥ રાગ મારૂ ॥ કરમ પરીક્ષા કરણ કુમર ચલ્યો ॥ એ દેશી ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરોરે ॥ ઓર ન ચાહુંરે કંત ॥

રીઝો સાહિબ સંગ ન પરિહરેરે ॥ ભાગે સાદિ અનંત ॥ ૧ ઋ૦ ॥ પ્રીત સગાઈરે નિરૂપાધીક કહીરે ॥ સોપાધિક ધન ખોય ॥ ૨ ઋ૦ ॥ કોઈ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરેરે ॥ મિલશું કંતને ધાય ॥ એ મેલો નવિ કહીયે સંભવેરે ॥ મેલો ઠામ ન ઠાય ॥ ૩ ઋ૦ ॥ કોઈ પતિ રંજન અતી ઘણો ॥ તે પતી રંજન તન તાપ ॥ એ પતિ રંજન મેં નવિ ચિત ધરયુંરે ॥ રંજન ધાતુ મેલાપ ॥ ૪ ઋ૦ ॥ કોઈ કહે લીલારે લલખ અલખ તણીરે ॥ લખ પુરે મન આસ ॥ દોષ રહીતને લીલા નવિ ઘટેરે ॥ લીલા દોષ વિલાસ ॥ ૫ ઋ૦॥ ચિત્ત પ્રસન્નેરે પુજન ફળ કહ્યુંરે ॥ પુજ અખંડીત એહ ॥ કપટ રહિત થઈ આતમ અરપણારે ॥ આનંદઘન પદ ॥ ૬ ઋ૦ ॥

અથ શ્રી અનંતનાથ જિન સ્તવન

॥ રાગ રામગીરી ॥ [illegible] ॥

ધાર તરવારની સોહલી દોહલી [illegible] જીન તણી ચરણ સેવા ॥ ધારપર નાચતાં દેખ બાજી [illegible] ॥ ધારપર રહે ન દેવા ॥ ૧ ધા૦ ॥ એક કહે સે[illegible] [illegible] [illegible] કરીયા કરી ફળ અનેકાંત લોચન ન દેખે ॥ ફળ અનેકાંત કરીયા કરી બાપડા રડવડે ચ્યાર ગતિમાંહિ લેખે ॥ ૨ ધા૦ ॥ ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં તત્વની વાત કરતાં ન

બાજે ॥ ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકા ॥ મોહ નડિયા કલીકાલ રાજે ॥ ૩ ધા૦ ॥ વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો વચન સાપેક્ષ વ્યવહાર સાચો ॥ વચન નિરપેક્ષ બ્યવહાર સંસાર ફળ સાભળી આદરી કાંઈ રાચો ॥ ૪ ધા૦ ॥ દેવ ગુરૂ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે કિમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો ॥ શુદ્ધ શ્રદ્ધાન વિણુ સરવ કિરિયા કહી છારપર લીંપણો સરસ જાણો ॥ ૫ ધા૦ ॥ પાપ નહીં કોઈ ઉત્સુત્ર ભાષણ જીસો ધરમ નહી કોઈ જગસુત્ર સરીખો ॥ સુત્ર અનુસાર જે ભવીક કીરીયા કરે તેહનો સુદ્ધ ચારીત્ર પરખો ॥ ૬ ધા૦ ॥ એહ ઉપદેશનું સાર સંક્ષેપથી જે નરા ચિત્તમાં નિત ધ્યાવે ॥ તે નરા દિવ્ય બહુકાળ સુખ અનુભવી નિયત આનંદઘન રાજ પાવે॥ ૭ ધા૦

॥ અથ શ્રીનેમનાથ જિન સ્તવન ॥

॥ રાગ મારૂણી ॥ ધાણરા ઢોલા એ દેશી ॥

અષ્ટ ભવતર વાલહીરે ॥ તું મુઝ આતમરામ ॥ મનરા વાલા ॥ મુગતિ નારી શું આપણેરે ॥ સગપણ કોઈ ન કામ ॥ મ૦ ૧ ॥ ઘરિ આવો હો વાલિમ ઘરિ આવો ॥ મારી આસાના વિસરામ ॥ મ૦ ॥ રથ ફેરો હો સાજન રથ ફેરો ॥ સાજન માહરા મનોરથ સાથ ॥ મ૦ આંકણી ॥ નારી પખો સ્યો નેહલોરે વાલા ॥ સાચ કહે જગનાથ ॥ મ૦ ॥ ઈશ્વર અરધંગે ધરીરે વાલા ॥ તું મુજ

આમે ન હાથ ॥ મ૦ ૨ ॥ પશુ જનને કરૂણા કરીરે વાલા ॥ આણી રદય વીચાર ॥ મ૦ ॥ માણસની કરૂણા નહી રે વાલા ॥ એ કુણ ઘર આચાર ॥ મ૦ ૩ ॥ પ્રેમ કલપ તરૂ છેદીયોરે વાલા ॥ ધરીયો યોગ ધતુર ॥ મ૦ ॥ ચતુરાઈરો કુણ કહોરે વાલા ॥ ગુરૂ મિલીયો જગસુર ॥ મ૦ ૪ ॥ માહરૂ તો એમાં કયું નહીરે વાલા ॥ આપ વિચારે રાજ ॥ મ૦ ॥ રાજ સભામાં બેસતાંરે વાલા ॥ કીસડી બધસી લાજ ॥ મ૦ ૫ ॥ પ્રેમ કરે જગ જન સહુરે વાલા ॥ નિર વાહે તે ઓર ॥ મ૦ ॥ પ્રીત કરીને છાંડી દેરે વાલા ॥ તેહ શું ચાલે ન જોર ॥ મ૦ ૬ ॥ જો મનમાં એહવુ હતુરે વાલા ॥ નિસંપતિ કરત ન જાણ ॥ મ૦ ॥ નિસપત કરીને છાંડતાંરે વાલા ॥ માણસ હુવે નુકશાણ ॥ મ૦ ૭ ॥ દેતાં દાન સંવત્સરીરે વાલા ॥ સહુ લહે વંછીત પેષ ॥ મ૦ ॥ શેવક વંછીત નવિ લહેરે વાલા ॥ તે સેવકનો દોષ ॥ મ૦ ૮ ॥ સખી કહે એ સાંભળોરે વાલા ॥ હું કહું લક્ષણ સ્વેત ॥ મ૦ ॥ ઈણ લક્ષણ સાચી સખીરે વાલા ॥ આપ વિચારે હેત ॥ મ૦ ૯ ॥ રાગીશું રાગી સહુરે વાલા ॥ વઈરાગી સ્યો રાગ ॥ મ૦ ॥ રાગ વીના કિમ દાખવોરે વાલા ॥ મુગતિ સુંદરી માગ ॥ મ૦ ૧૦ ॥ એક ગુહ્ય ઘટતુ નહીરે વાલા ॥ સઘલોઈ જાણો લોગ ॥ મ૦ ॥ અનેકાંતિક ભોગવોરે વાલા ॥ બ્રહ્મચારી મત લોગ ॥ મ૦ ૧૧ ॥ જિણ જોગે તુઝને જોઉંરે વાલા ॥ તોણ જોગે જોવો રાજ ॥ મ૦ ॥ એક વાર મુઝને જુવોરે વાલા ॥ તો સીજે મુજ કાજ ॥ મ૦ ૧૨ ॥ મોહદસા ધરિ ભાવતાંરે વાલા ॥ ચિત લહે તત વિચાર ॥

મ૦ ॥ વીતરાગતા આદરીરે વાલા ॥ પ્રાણનાથ નિરધાર ॥ મ૦ ૧૩ ॥ સેવક પિણ તે આદરેરે વાલા ॥ તો રહે સેવક મામ ॥ મ૦ ॥ આસય સાથે ચાલીએરે વાલા ॥ એહિજ રૂડું કામ ॥ મ૦ ૧૪ ॥ ત્રિવીધ યોગ ધરી આદરયોરે વાલા ॥ નેમનાથ ભરતાર ॥ મ૦ ॥ ધારણ પોશણ તારણોરે વાલા ॥ નવ રસ મુગતા હાર ॥ મ૦ ૧૫ ॥ કારણ રૂપી પ્રભુ ભજ્યોરે વાલા ॥ ગણ્યો ન કાજ અકાજ ॥ મ૦ ॥ કૃપા કરો પ્રભુ દીજીએરે વાલા ॥ આનંદઘન પદ રાજ ॥ મ૦ ૧૬ ॥

॥ અથ શ્રીમહાવીરજિન સ્તવન ॥

॥ પંથડો નિહાલું બીજા જીન તણોરે ॥

ચરમ જિનેસર વિગત સ્વરૂપનુંરે ॥ ભાવું કેમ સરૂપ ॥ સાકારી વિણ ધ્યાન ન સંભવેરે ॥ એ અવિકાર અરૂપ ॥ ચ૦ ૧ ॥ આપ સરૂપે આતમમાં રમેરે ॥ તેહના ધુર બે ભેદ ॥ અસંખ ઉક્કોસે સાકારી પદેરે ॥ નિરાકારી નિરભેદ ॥ ચ૦ ૨ ॥ સુખમ નામ કરમ નિરાકાર જેરે ॥ તેહ ભેદે નહી અંત ॥ નિરાકાર જે નિરગતિ કર્મથીરે ॥ તેહ અભેદ અનંત ॥ ચ૦ ૩ ॥ રૂપ નહિ કંઇયે બંધન ઘટયુંરે ॥ બંધન મોક્ષ ન કોય ॥ બંધ મોક્ષવિણ સાદિ અનંતનુંરે ॥ ભંગ સંગ કેમ હોય ॥ ચ૦ ૪ ॥ દ્રવ્ય વિના તેમ સત્તા નવી લહેરે ॥ સત્તા વિણસ્યો રૂપ ॥ રૂપ વિના કેમ સિદ્ધ અનંતનારે ॥ ભાવુ અકલ સરૂપ ॥ ચ૦ ૫ ॥ આતમતા પરિણતિ જે પરિણમ્યારે ॥ તે મુઝ ભેદાભેદ ॥ તદાકાર વિણ મારા રૂપનુંરે ॥ ધ્યાવુ વિધ પ્રતિષેધ ॥ ચ૦ ૬ ॥ અંતિમ ભવ ગ્રહણે તુઝ ભાવનુંરે ॥ ભાવશું શુદ્ધ સરૂપ ॥ તઇએ આનંદઘન પદ પામશુંરે ॥ આતમ રૂપ અનુપ ॥ ચ૦ ૭ ॥

સમાપ્ત.

જાહેર ખબર.

હું નીચે સહી કરનાર વીનયપુર્વક અરજ કરૂ છું જે અમારી આફીસમાં નીચે લખેલાં પુસ્તકો વેચાતી મળસે.

ઓખાહરણ, સદેવંત સાવળીંગા, ગુલબંકાવલી, પંચ કલ્યાણુની પુજા, પ્રતીક્રમણુંસુત્ર, લીલાવતીનો રાસ, પદ્માવતીની વારતા, ઊદમકર્મની વારતા, દીવાની કાયદો, ક્રીમીનલ, નળાખ્યાન, નંદબત્રીસી, લેલીમજનુનો કીસો, ચોવીસી, મલીનાથની, સુંદરવીલાસ, સ્ત્રી મનોરંજક, સની સરની કથા, નરસીમેતાનુ મામેરૂ, મોતીસાના ઢાળીયાં, સુક નાવળી, જઈ ધરમીની લાવણી, છબાઈનો રાસ, અંજના નો રાસ, સીતાના મહીના, અંગઉધારનો ઝઘડો,

સદરહુ ચોપડીઓ ઘણીજ કીફાઅતથી આપવામાં આવશે.

બુકસેલર

મગનલાલ દેવચંદ.

ઠે૦ અમદાવાદ માણેકચોક